# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૨ | ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૯, શનિવાર; મહા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# મોદી સિયોલ શાંતિ પુરસ્કારથી સન્માનિત

**શિયોલ શાંતિ પુરસ્કાર મેળવતી વેળા પાકિસ્તાન પર પ્રહાર કર્યા : ત્રાસવાદી અને કટ્ટરપંથીઓ વિશ્વ માટે ખતરારૂપ છે : મોદી : માનવતામાં વિશ્વાસ કરનાર તમામ દેશો અને લોકો સાથે આવશે તો જ વિશ્વ શાંતિ માટે માર્ગ મોકળો થશે : ઇનામની રકમ નમામી ગંગેને આપવા જાહેરાત**




નવી દિલ્હી-શિયોલ,તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદના મુદ્દા ઉપર પડોશી દેશ પાકિસ્તાનને ફરી એકવાર વૈશ્વિક મંચ ઉપર અલગ પાડી દેવા માટે જોરદાર પ્રયાસ કર્યા હતા. દક્ષિણ કોરિયામાં શિયોલ શાંતિ પુરસ્કાર મળ્યા બાદ વડાપ્રધાને કોઈના પણ નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે, ભારત છેલ્લા ૪૦ વર્ષથી સરહદ પારથી આતંકવાદનો સામનો કરે છે. હવે સમય આવી ગયો છે કે, જે માનવતામાં વિશ્વાસ રાખે છે તેઓ આવી હરકતોનો જવાબ આપે. મોદીએ કહ્યું હતું કે, આવું કરીને અમે દુનિયામાં શાંતિ સ્થાપિત કરી શકીએ છીએ. પુલવામા હુમલા બાદ વૈશ્વિક મંચ ઉપર વડાપ્રધાને પાકિસ્તાનને ભીંસમાં લેવાના પ્રયાસો જારી રાખ્યા છે. તેમણે કહ્યું હતું કે, આતંકવાદ અને તેને સમર્થન આપતા દેશોનો ખાત્મો હવે જરૂરી બની ગયો છે. દક્ષિણ કોરિયાના પ્રમુખ મુનની પ્રશંસા કરતા કહ્યું હતું કે, તેઓએ સમજદારી દાખવીને ઉત્તર કોરિયા સાથે વાતચીત કરીને સંબંધો સુધાર્યા છે. મોદીના આ પુરસ્કારની સાથે એક કરોડ ૩૦ લાખ રૂપિયા મળ્યા છે. મોદીએ આ તમામ રકમને ગંગાને સ્વચ્છ કરવા માટે ચલાવવામાં આવી રહેલી નમામી ગંગેને આપવાની વાત કરી છે. મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે, તેમને આ સન્માન એ

● અનુસંધાન પાન-૭ પર

## સરકાર સાથે સમાધાન થતાં શિક્ષકોની હડતાળ સમેટાઇ

ગાંધીનગર,તા. ૨૨

સળંગ નોકરી સહિતની માંગણીઓને લઈ રાજ્યના સવા બે લાખથી વધુ સરકારી શાળાના શિક્ષકો આજે સામુહિક રજા પર ઉતરી ગાંધીનગરમાં વિધાનસભાનો ઘેરાવ કરવા પહોંચ્યા હતા, એક તરફ પોલીસ ગાંધીનગરમાં નિર્દોષ શિક્ષકો પર લાઠીઓ વીંઝી રહી હતી અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, ત્યારે બીજીબાજુ, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સહિતના હોદ્દેદારો સાથે રાજયના શિક્ષણમંત્રી સહિતના સરકારના પ્રતિનિધિઓ સાથે મહત્વની બેઠક યોજાઇ હતી, જેમાં સરકાર તરફથી આ સમગ્ર મામલે ત્રણ સભ્યોની કમીટી બનાવી શિક્ષકોના પડતર પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવાની હૈયાધારણ અપાતાં શિક્ષક સંઘના હોદ્દેદારોએ આંદોલન સમેટી લેવાની જાહેરાત કરી હતી. જો કે, બીજીબાજુ, પોલીસ અત્યાચાર અને લાઠીચાર્જનો ભોગ બનેલા શિક્ષકોએ સંઘના હોદ્દેદારોની હડતાળ સમેટવાની અપીલને ફગાવી હતી અને જણાવ્યું હતું કે, તેઓ

● અનુસંધાન પાન-૭ પર

## ભારત-દક્ષિણ કોરિયા વચ્ચે સાત સમજૂતિના કરાર

નવીદિલ્હી-શિયોલ, તા. ૨૨

ભારત અને દક્ષિણ કોરિયાએ આજે સાત સમજૂતિ ઉપર સહીસિક્કા કર્યા હતા. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, મિડિયા, સ્ટાર્ટ અપ, ઈન્ટરનેશનલ ક્રાઈમ અને ટ્રાન્સ બોર્ડર ગુનાઓને રોકવા સહિતના મુદ્દા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. દક્ષિણ કોરિયાની ઐતિહાસિક યાત્રા દરમિયાન મોદી પહોંચી ચુક્યા છે જ્યાં તેઓએ દક્ષિણ કોરિયાના પ્રમુખ મુનના સત્તાવાર નિવાસસ્થાને બેઠક યોજી હતી. મુનના સત્તાવાર નિવાસસ્થાન અને કારોબારી ઓફિસ બ્લુ હાઉસમાં સત્તાવાર અભિવાદન

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરપ્રદેશમાં જૈશના બે ત્રાસવાદી પકડાયા



**બંને ત્રાસવાદીઓને યુવાનોની ભરતીની જવાબદારી સોંપાઈ હતી : ઉંડી તપાસ અને વ્યાપક કાર્યવાહીના ભાગરુપે ધરપકડ : પુલવામા હુમલા સાથે સંબંધ છે કે કેમ તેને લઇને તપાસ : કોર્ટમાં રજૂ કરાયા બાદ રિમાન્ડ પર**

લખનૌ, તા. ૨૨

પુલવામામાં સીઆરપીએફ કાફલા ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ સુરક્ષા સંસ્થાઓ સાવચેત બનેલી છે અને વ્યાપક તપાસ ચાલી રહી છે. આના ભાગરુપે ઉત્તરપ્રદેશ પોલીસના એટીએસ દ્વારા સહારનપુરના દેવબંધમાંથી બે શકમંદ આતંકવાદીઓની ધરપકડ કરી લીધ છે. આ આતંકવાદીઓના સંબંધ જૈશે મોહમ્મદ સાથે હોવાનું જાણવા મળ્યું છે. ઉત્તરપ્રદેશના ડીજીપી ઓપી સિંહે આજે પત્રકાર

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાન કાલે ૧૨ કરોડ ખેડૂતોના ખાતામાં ૨૫૦૦૦ કરોડ જમા કરાવશે

ન્યુ દિલ્હી,તા.૨૨

સામાન્ય ચૂંટણી પહેલાં 'કિસાન સમ્માન નિધિ સ્કીમ'ને ગેમચેન્જર તરીકે જોઈ રહેલ મોદી સરકાર પહેલો હપ્તો રજૂ કરશે. ગોરખપુરમાં રાષ્ટ્રીય કિસાન સંમેલાનના અવસર પર પીએમ નરેન્દ્ર મોદી એક ક્લિકમાં દેશના ૧૨ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં ૨૫૦૦૦ કરોડ રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી દેશે.

આ વર્ષના બજેટમાં જાહેર થયેલ આ સ્કીમ ખેડૂતોને સીધી આર્થિક મદદ કરનારી અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ યોજના છે. આ સ્કીમ પર ૭૫૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ થવાનો અંદાજ છે. આ સ્કીમની અંતર્ગત ખેડૂતોને વાર્ષિક ૬૦૦૦ કરોડ રૂપિયા ત્રણ હપ્તામાં આપવાના છે. તેનો પહેલો હપ્તો પીએમ નરેન્દ્ર મોદી રવિવારે રજૂ કરાશે. આ રકમ નાના અને સીમાંત ખેડૂતોને અપાઈ રહી છે.

# ક્રિકેટ વિશ્વકપમાં પાક સામે મેચ અંગે નિર્ણય સરકાર પર છોડાયો

**બીસીસીઆઈ દ્વારા નિર્ણય સરકાર પર છોડી દેવામાં આવ્યો : પુલવામા હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ નહીં રમાય તેવા સ્પષ્ટ સંકેત : મોદી સરકાર પાકિસ્તાન સામે ક્રિકેટ મેચ નહીં રમવાના મૂડમાં**

નવીદિલ્હી, તા. ૨૨

વિશ્વકપમાં ભારત અને પાકિસ્તાન ટકરાશે કે કેમ તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. એકબાજુ દેશભરમાં પુલવામા હુમલા બાદ પાકિસ્તાન સામે મેચ નહીં રમવા લોકોની માંગ ઉઠી રહી છે. મોદી સરકાર પણ કહી ચુકી છે કે, પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ રમવાની બાબત બિલકુલ યોગ્ય દેખાતી નથી. આવી સ્થિતિમાં પરોક્ષરીતે બીસીસીઆઈએ પાકિસ્તાન સાથે મેચ રમવાનો નિર્ણય મોદી સરકાર ઉપર છોડી દઈને મેચ રમાશે નહીં તેવો સંકેત આપી દીધો છે. અલબત્ત હજુ ત્રણ મહિનાનો સમય છે. સ્થિતિ હળવી બની શકે છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે ચોક્કસપણે સાફ શબ્દોમાં કહ્યું છે કે, લોકોની માંગ મુજબ પાકિસ્તાન સામે મેચ રમવામાં નહીં આવે તે બાબત સાથે તેઓ સહમત છે. ગંભીર ચર્ચા બાદ જ આ અંગે અંતિમ નિર્ણય કરવામાં આવશે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આ અંગેનો નિર્ણય સરકાર ઉપર છોડી દીધો છે. સીઓએના પ્રમુખ વિનોદ રાયે કહ્યું છે કે, પાકિસ્તાનની સાથે ક્રિકેટ રમવાને લઈને અમે સરકાર સાથે મળીને ચર્ચા કરીશું. હાલમાં ત્રણ મહિનાનો ગાળો છે જેથી ગંભીર ચર્ચા બાદ જ કોઈ નિર્ણય લેવામાં આવશે. જો કે રાયે કહ્યું હતું કે, આતંકવાદને પ્રોત્સાહન આપનાર દેશની સાથે

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાન સાથે કોઇ મેચ રમવાની જરૂર નથી : કોંગ્રેસ

પુલવામા હુમલા બાદ દેશના જુદા જુદા ભાગોમાં એક સુરમાં અવાજ ઉઠી રહ્યો છે કે, પાકિસ્તાન સાથે દરેક પ્રકારના સંબંધોને અંત આણવામાં આવે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા મનિષ તિવારીએ આજે કહ્યું હતું કે, જ્યાં સુધી પાકિસ્તાન પોતાની ધરતીથી સક્રિય આતંકવાદને ખતમ કરશે નહીં ત્યાં સુધી તેની સાથે કોઇ મેચ રમવી જોઈએ નહીં. મનિષ તિવારીએ કહ્યું હતું કે, જ્યાં સુધી પાકિસ્તાનમાં બેઠેલા આતંકીઓના આકાઓ અને તેમના ત્રાસવાદીઓની સામે પાકિસ્તાન કાર્યવાહી કરવાથી રોકવા માટે પગલા લેશે નહીં ત્યાં સુધી પાકિસ્તાન સાથે મેચ રમવી જોઈએ નહીં. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીયમંત્રી શશી થરુરે આ અંગે જુદી પ્રતિક્રિયા આપી છે. શશી થરુરે એક વિડિયો જારી કરીને કહ્યું છે કે, કારગિલ યુદ્ધ જ્યારે ચરમસીમા પર હતું ત્યારે પણ ભારતે વર્લ્ડકપમાં પાકિસ્તાનની સામે મેચ રમીને તેને હાર આપી હતી.

## આઈપીએલની ઓપનિંગ સેરેમની નહી યોજવા નિર્ણય

**શહીદોના પરિવારને મદદ કરવાનો નિર્ણય : ૨૩મી માર્ચથી આઈપીએલની શરૂઆત**

નવીદિલ્હી, તા. ૨૨

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે ઈન્ડિયન પ્રિમિયર લીગની ૧૨મી સિઝનની ઓપનિંગ સેરેમનીને રદ કરવાનો નિર્ણય કર્યો છે. બોર્ડે આ સંદર્ભમાં થનાર ખર્ચ પુલવામા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા સીઆરપીએફના જવાનોના પરિવારોને આપવાનો નિર્ણય કર્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત વહીવટીકારોની સમિતિના અધ્યક્ષ વિનોદ રાયે કહ્યું હતું કે, આ વખતે આઈપીએલમાં ઓપનિંગ સેરેમની યોજવામાં આવશે નહીં. આના માટે જે બજેટ રાખવામાં આવ્યું છે તે બજેટની રકમ પુલવામાના પરિવારોને મદદ માટે આપી દેવામાં આવશે. આજે સીઓએની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી જેમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પુલવામામાં સીઆરપીએફના કાફલા ઉપર ૧૪મી ફેબ્રુઆરીના દિવસે ભીષણ આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં ૪૦ જવાનો શહીદ થયા હતા. આ હુમલા બાદ ખેલ જગતમાં પણ દુખ અને આક્રોશનું મોજુ ફરી વળ્યું છે. પાકિસ્તાન સાથે તમામ પ્રકારના રમત સંબંધો તોડી દેવાની માંગણી દેશભરમાં ઉઠી રહી છે.

## ભારતના આક્રમક વલણ સામે જવાબી કાર્યવાહી કરીશું : પાક સેના

**૧૯૪૭થી કાશ્મીરીઓ પર અત્યાચાર થાય છે, ભારતે પુરાવા વગર આક્ષેપો મૂક્યા**

ઈસ્લામાબાદ,તા.૨૨

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં આતંકી હુમલાને લઈને પાકિસ્તાનની સેનાએ પહેલીવાર પ્રેસ કોન્ફરન્સ કરી છે. પાકિસ્તાન આર્મીએ ભારત પર આતંકવાદના આરોપ લગાવતા કહ્યું કે, ૧૯૪૭થી કાશ્મીરીઓ પર અત્યાચાર થઈ રહ્યા છે. વડાપ્રધાન ઈમરાન ખાન સીઆરપીએફ જવાનો પર થયેલા આ હુમલામાં પાકિસ્તાનનો હાથ હોવાનો ઈક્કાર કરી ચૂક્યા છે. તેઓએ રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠકમાં પોતાના સૈન્યને ખુલ્લી છૂટી આપી દીધી છે.

પાકિસ્તાન આર્મીના મેજર જનરલ આસિફ ગફૂરે કહ્યું, જેવી રીતે બનતું આવ્યું છે, ભારતમાં કોઈ પણ ઘટના બને ત્યારબાદ તાત્કાલિક પાકિસ્તાન પર આરોપ લગાવી દેવામાં આવે છે. આ વખતે અમે જવાબ આપવામાં થોડો સમય લીધો કારણ કે જે આરોપો લગાવ્યા હતા તેની અમે તપાસ કરી. ૧૯૪૭માં પાકિસ્તાન આઝાદ થયું. આ હકીકતને ભારત ક્યારેય કબૂલી શક્યું જ નથી. ૧૯૬૫માં અમારી વચ્ચે પહેલીવાર યુદ્ધ થયું, ૧૯૭૧માં લિબરેશનની મદદથી કાવતરાંથી અમને હટાવવામાં આવ્યા. ૧૯૯૯માં તેઓ કારગિલ લઈ આવ્યા.

પાકિસ્તાન આર્મીના મેજર જનરલ આસિફ ગફૂરે કહ્યું કે, ભારત આજ સુધી એ પચાવી નથી શક્યું કે, પાકિસ્તાન આઝાદ થઈ ગયું છે. ૧૯૪૭થી કાશ્મીરીઓ પર અત્યાચાર થઈ રહ્યા છે. ભારત અમારાં દેશમાં આતંકવાદ ફેલાવી રહ્યું છે. અમારી પૂર્વ સરહદ પર ભારત વારંવાર આક્રમકતા દેખાડતું રહ્યું છે.

## ચીનના જિદ્દી વલણના લીધે નિવેદનમાં વિલંબ થયો હતો

**સંયુક્ત રાષ્ટ્રના નિવેદનમાં ચીને અડચણો ઉભી કરી**

નવી દિલ્હી, તા. ૨૨

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે પુલવામાં આતંકવાદી હુમલાની એક સપ્તાહ બાદ ભલે કઠોર શબ્દોમાં નિંદા કરી છે પરંતુ સંયુક્ત રાષ્ટ્રના નિવેદનને રોકવામાં ચીને ભુમિકા ભજવી હતી. ચીનના વલણના કારણે પુલવામા હુમલાને લઈને સંયુક્ત રાષ્ટ્રનું નિવેદન એક સપ્તાહ બાદ આવ્યું છે.

સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે, ત્રાસવાદના ઉલ્લેખને લઈને એકલા ચીનના વિરોધના કારણે પુલવામા હુમલા પર ૧૫ સભ્યોની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના નિવેદનમાં એક સપ્તાહનો વિલંબ થયો છે. એમ કહેવામાં આવે છે કે, જ્યાં ચીન પુલવામા આતંકવાદી હુમલા પર સંયુક્ત રાષ્ટ્રના નિવેદનના વિષયને કમજોર કરવાના પ્રયાસમાં છે.


જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટેઃ ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય : SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

